Ref.(I.T.) No.03 of 2018
Award Ex-74

| GJSR130000522018 | RECEIVED ON | 02-04-2018 | | |
|---|---|---|---|---|
| | REGISTERED ON | 02-04-2018 | | |
| | DECIDED ON | 08-08-2026 | | |
| | DURATION | DYS. | MTHS. | YRS. |
| | | 06 | 04 | 08 |

## ઔદ્યોગિક ન્યાયપંચ નં.૧ ના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ, સુરત.

રેફરન્સ (આઇ.ટી.) નં.૦૩/૨૦૧૮
આંક–૭૪

પ્રથમ પક્ષકાર :– મ્યુ. કમિશ્નરશ્રી,
સુરત મહાનગર પાલિકા,
મુગલીસરા, સુરત.

::– વિ રૂ દ્ધ –::

બીજા પક્ષકાર :– મનીષ જી. જોષી તથા
અન્ય નર્સ(બીપીએનએ)
રહે. જે–૩૦૨, નર્સીંગ સ્ટાફ કવાટર્સ,
સ્મીમેર હોસ્પિટલ કેમ્પસ,
સુરત.

પ્રથમ પક્ષકાર તરફે :– વિ.વ. શ્રી એચ.એસ. પંડયા
બીજા પક્ષકાર તરફે :– વિ.વ. શ્રી એચ.એમ. ગલીયાવાલા

## ::– એવોર્ડ –::

(૧) હાલનો આ ઔદ્યોગિક વિવાદ શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૨૬/૦૩/૨૦૧૮ ના હુકમ ક્રમાંક : કેએચઆર –૨૦૧૮–૮૭–આઇડીએ)૧૦–૨૦૧૮–૧૨૮૩૬૬–મ(૨) (કન્સીલેશન

કેસ નં.૧૪/૨૦૧૭) થી આ ઔદ્યોગિક ન્યાયપંચ સમક્ષ અનુસુચિમાં જણાવેલ તકરારોના ન્યાય નિર્ણય અર્થે મોકલેલ છે.

::- અનુસુચિ -::

-: માંગણીઓ :-

સુરત મહાનગર પાલિકા કાયદેસર રીતે ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ ૧૯૪૭ લાગુ પડે છે. આ સાથે જોડવામાં આવેલ પરિશિષ્ટમાં જણાવેલ ૯૪ (બીપીએનએ) કર્મચારીઓને પરિશિષ્ટમાં જણાવ્યા મુજબની જે તે તારીખે એડહોક ધોરણે નિમણૂક થઇ ત્યારથી તેમના સ્કેલ મુજબના ઈજાફા પાછલી અસરથી આપવા જોઈએ કે નહી ? ત્યારબાદના તમામ લાભો તાત્કાલિક આપવા જોઈએ કે નહી ?

**(૨)** આ કામે બીજા પક્ષકાર તરફે આંક-૧૩ થી તા.૨૩/૦૧/૨૦૧૯ ના રોજ માંગણા નિવેદન રજુ કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, માંગણાના નિવેદન સાથે જોડવામાં આવેલ પરિશિષ્ટમાં જણાવેલ પક્ષકારોની સુરત મહાનગરપાલિકાએ નર્સ(બી.પી.એન.એ.) તરીકે કાયદેસરની નિમણૂક કરેલ છે. ત્યારથી બીજા પક્ષકાર ખૂબ ખંત, નિષ્ઠા અને પ્રમાણિકતાથી ફરજો બજાવતા આવેલ છે. બીજા પક્ષકારની જુદા જુદા નિમણૂકપત્રથી માર્ચ-૨૦૦૬ થી એપ્રિલ-૨૦૦૭ સુધીના સમયગાળા દરમિયાન કુલ-૯૪ કર્મચારીઓની કાયમી નિમણૂક આપવામાં આવેલ છે અને નિમણૂકપત્રમાં જણાવ્યા મુજબના સ્થળ સ્મીમેર હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા આવેલ છે. તે પહેલા બીજા પક્ષકાર એડહોક ધોરણ પર હતા અને પહેલા વર્ષે ફીકસ પગાર રૂા.૪,૫૦૦/- અને બીજા વર્ષે રૂા.૫,૦૦૦/- હતો. તેઓને કાયમી કર્યા ત્યારે રૂા.૫,૦૦૦-૧૫૦-૮૦૦૦ ના સ્કેલમાં કાયમી કરવામાં આવેલ. સને ૨૦૦૫ માં પ્રથમ પક્ષકાર સંસ્થાની સ્મીમેર હોસ્પિટલ ખાતે નવા ૯

(નવ) કર્મચારીઓ ૩ વર્ષ માટે તાલીમાર્થી તરીકે નર્સ તરીકે આવેલ. તેઓને પહેલા વર્ષે રૂા.૨,૭૦૦/–, બીજા વર્ષે રૂા.૩,૩૦૦/– અને ત્રીજા વર્ષે રૂા.૪,૧૦૦/– ફીકસ પગાર ચુકવવામાં આવતો હતો. ત્યારબાદ ઓગષ્ટ–૨૦૦૮ માં બીજા ૯(નવ) કર્મચારીઓની નર્સ તરીકે નિમણૂક કરવામાં આવેલ. તેઓની નિમણૂક થઇ ત્યારે પે સ્કેલ પર મુકવામાં આવેલ અને તેઓની તાલીમાર્થી તરીકેની નિમણૂક તારીખથી ૪ ઇજાફા આપી બેઝીક પગાર રૂા.૫,૬૦૦/– ઠરાવ નં.૩૨૯/૨૦૦૩ માં નકકી કરવામાં આવેલ. બીજા પક્ષકાર સને ૨૦૦૪ થી ૨૦૦૫ ના સમયગાળાથી કામ કરતા હોવા છતાં કાયમી કર્યા ત્યારે એડહોક ધોરણે થયેલ નિમણૂક તારીખને ધ્યાને લઇ પાછલી અસરના ઇજાફાઓ આપવામાં આવેલ નથી. જયારે તાલીમાર્થી ૯(નવ) કર્મચારીઓને પાછલી અસરના ઇજાફાઓ આપી બેઝીક પગાર નકકી કરવામાં આવેલ. જે મુજબનો લાભ મેળવવા બીજા પક્ષકાર કાયદેસર રીતે હકકદાર છે. બીજા પક્ષકારોએ સ્મીમેર હોસ્પિટલના વિભાગીય વડાને વારંવાર મૌખિક તથા લેખિત રજુઆત તા.૨૮/૦૧/૨૦૧૩, તા.૧૦/૧૦/૨૦૧૩ તથા તા.૦૯/૦૬/૨૦૧૪ ના રોજ કરેલ પરંતુ તે અંગે કોઇ નિરાકરણ થયેલ નહી. જેથી બીજા પક્ષકારે તા.૩૧/૧૨/૨૦૧૬ ના રોજની નોટીસ પ્રથમ પક્ષકાર સંસ્થાને તથા તેની એક નકલ આસી. લેબર કમિશ્નરશ્રી, સુરતને મોકલેલ. સદર નોટીસ પ્રથમ પક્ષકાર સંસ્થાને મળી ગયેલ હોવા છતાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેનો કોઇ અમલ કરેલ નહી કે તેનો કોઇ જવાબ આપેલ નહી. ત્યારબાદ બીજા પક્ષકારે આપેલ તા.૩૧/૧૨/૨૦૧૬ ના રોજની નોટીસના અનુસંધાને મદદનીશ શ્રમ આયુકતશ્રીએ ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરી પ્રથમ પક્ષકારને નોટીસ ઇસ્યુ કરેલ અને બીજા પક્ષકારે જસ્ટીફીકેશન રજુ કરેલ. પ્રથમ પક્ષકાર સંસ્થાએ

મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરીમાં જસ્ટીફીકેશનનો તા.૨૨/૦૯/૨૦૧૭ ના રોજનો જવાબ રજુ કરેલ છે અને તે જવાબમાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને કાયદેસરના હકકોથી વંચિત રાખવા માટે ખોટી હકીકતો ઉપજાવી કાઢેલ છે. પ્રથમ પક્ષકાર સુરત મહાનગરપાલિકાને ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ ૧૯૪૭ લાગુ પડે છે અને જે કાયદાની જોગવાઇ જોતાં બીજા પક્ષકાર પરિશિષ્ટમાં જણાવ્યા મુજબની જે તે તારીખે એડહોક ધોરણે નિમણૂક થઇ ત્યારથી સ્કેલ મુજબના ઈજાફા પાછલી અસરથી મેળવવા હકકદાર છે.

(૩) આ કામે પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૪ થી માંગણા નિવેદનનો જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં બીજા પક્ષકાર તેઓની એડહોક ધોરણે નિમણૂક થઇ ત્યારથી સ્કેલ મુજબના ઈજાફા પાછલી અસરથી મેળવવા હકકદાર હોવા સિવાયની હકીકતો અંગે વિવાદ ન હોવાનું જણાવેલ છે. લેખિત જવાબમાં મુખ્યત્વે જણાવેલ છે કે, બીજા પક્ષકારની નિમણૂક સામાન્ય સભા ઠરાવ નં.૩૩૭/૨૦૦૦ તા.૨૬/૦૬/૨૦૦૦ મુજબ પ્રથમ બે વર્ષ માટે એડહોક ધોરણે ઠરાવની શરતો અને બોલીઓને આધિન કરવામાં આવેલ. ત્યારબાદ એડહોક ધોરણે નર્સ તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને રૂા.૫૦૦૦–૮૦૦૦ ના પગારધોરણમાં નિમણૂક આપવાનું ઠરાવવામાં આવેલ છે. જે અનુસાર બીજા પક્ષકારને તેઓની બે વર્ષની એડહોક નિમણૂકની ફરજ બાદ રેગ્યુલરાઇઝ કરવામાં આવેલ છે. બીજા પક્ષકારે જે તકરાર ઉપસ્થિત કરેલ છે તે જે તે સમયના પ્રસ્થાપિત નીતિ–નિયમો અને રીક્રુટમેન્ટ રૂલ્સથી વિપરીત અને ગેરકાયદેસર છે. બીજા પક્ષકારે જે ૦૯(નવ) નર્સ કર્મચારીઓનો દાખલો આપી પગાર વિસંગતતાનો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે તે નવ નર્સ કર્મચારીઓ સામાન્ય સભા ઠરાવ નં.૨૩૧/૨૦૦૩ તા.૨૪/૦૩/૨૦૦૩ ની શરતો અને બોલીઓને આધિન પ્રારંભિક ત્રણ વર્ષ

માટે તાલીમાર્થીઓ તરીકે નિમણૂક પામેલ. આ કેસમાં નિમણૂકના રીક્રુટમેન્ટ રૂલ્સ, શરતો અને બોલીઓ અલગ–અલગ છે. જેથી એક સમાન કેડર હોવા છતાં પણ અલગ–અલગ ઠરાવો અનુસાર નિમણૂકો અપાયેલ હોઈ પગારધોરણ પણ તે અનુસાર નિયત કરાયેલ હોઈ જુનીયર અને સીનીયરના પગારની સરખામણીને અવકાશ રહેતો નથી. બીજા પક્ષકારની માંગણી ગ્રાહય રાખવાજોગ નથી. બીજા પક્ષકારે પોતે જ કાયમી કર્યા ત્યારે નોકરીની શરતો સ્વીકારેલ છે. જયારે એકવાર તેઓ કાયમી થયા તારીખથી તેઓની નિમણૂકની શરતો સ્વીકારી ચુકયા હોય ત્યારબાદ તે અંગે ખોટો વિવાદ ઉપસ્થિત કરી શકતા નથી. બીજા પક્ષકારના કેસને એસ્ટોપલનો બાધ નડે છે. કાયમી કર્મચારીઓ તરીકે નિમણૂકપત્રોમાં સ્પષ્ટ રીતે જે શરતો જણાવેલ છે તે તેઓએ સ્વીકારેલ છે અને એડહોક તરીકે અગાઉ જે બે વર્ષની ફરજો બજાવેલ છે તે એડહોક નોકરી કાયમી થયા તે પહેલાની કામગીરી હોઈ કાયમી કર્યા તે નોકરીની સાથે જોડવાનો કોઇ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી અને તેથી તેઓને કોઈ અલગ ઈજાફાઓ તે સમયગાળાના કન્ટીન્યુ કરીને આપવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. બીજા પક્ષકારે રેફરન્સ અને માંગણા નિવેદનમાં જે કોઈ પણ માંગણીઓ કરેલ છે તેવી કોઈપણ માંગણીઓ મેળવવા હકકદાર થતા ન હોઈ રેફરન્સ ખર્ચ સહિત રદ કરવા અરજ છે.

(૪) બીજા પક્ષકાર તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

::– મૌખિક પુરાવો – ::

આંક–૨૩ થી બીજા પક્ષકાર શ્રી મનીષ ગીરીશચંદ્ર જોષી, આંક–૨૭ થી નિરાલી પંકજકુમાર પટેલ તથા આંક–૬૨ થી મુકેશકુમાર ગણેશભાઈ ચૌધરીનું સરતપાસનું સોગંદનામું.

::– દસ્તાવેજી પુરાવા –::

(૧) આંક–૨૨ ના લીસ્ટથી કુલ–૨૪ દસ્તાવેજો રજુ કરેલ છે. જેમાં

(૧) આંક–૪૦ પ્ર.પક્ષકારે બી.પ. મનીષ જોષીને આપેલ નિમણૂકપત્રની સેલ્ફ એટેસ્ટેડ કોપી(તા.૨૬/૦૨/૨૦૦૪)

(૨) આંક–૪૧ પ્ર.પક્ષકારે બી.પ. મનીષ જોષીને પે–સ્કેલ પર મુકયા તે અંગે આપેલ નિમણૂકપત્રની સેલ્ફ એટેસ્ટેડ કોપી (તા.૨૯/૦૯/૨૦૦૬)

(૩) આંક–૪૨ પ્ર.પક્ષકારે બી.પ. પૂર્વી પી. નાયકને આપેલ નિમણૂકપત્રની સેલ્ફ એટેસ્ટેડ કોપી(તા.૨૬/૦૨/૨૦૦૪)

(૪) આંક–૪૩ પ્ર.પક્ષકારે બી.પ. પૂર્વી પી. નાયકને પે–સ્કેલ પર મુકયા તે અંગે આપેલ નિમણૂકપત્રની સેલ્ફ એટેસ્ટેડ કોપી (તા.૨૯/૦૯/૨૦૦૬)

(૫) આંક–૪૪ પ્ર.પક્ષકારે બી.પ. દાનેશ્વરી શંકરભાઇને આપેલ નિમણૂકપત્રની સેલ્ફ એટેસ્ટેડ કોપી (તા.૦૫/૦૧/૨૦૦૫)

(૬) આંક–૪૫ પ્ર.પક્ષકારે બી.પ. દાનેશ્વરી શંકરભાઇને પે–સ્કેલ પર મુકયા તે અંગે આપેલ નિમણૂકપત્રની સેલ્ફ એટેસ્ટેડ કોપી (તા.૦૩/૦૧/૨૦૦૮)

(૭) આંક–૪૬ પ્ર.પક્ષકારે બી.પ. ધીરેન્દ્ર શર્માને આપેલ નિમણૂકપત્રની સેલ્ફ એટેસ્ટેડ કોપી (તા.૦૫/૦૧/૨૦૦૫)

(૮) આંક–૪૭ પ્ર.પક્ષકારે બી.પ. ધીરેન્દ્ર શર્માને પે–સ્કેલ પર મુકયા તે અંગે આપેલ નિમણૂકપત્રની સેલ્ફ એટેસ્ટેડ કોપી (તા.૦૩/૦૧/૨૦૦૮)

(૯) આંક–૪૮ પ્ર.પક્ષકારે બી.પ. મુકેશકુમાર ચૌધરીને આપેલ નિમણૂકપત્રની સેલ્ફ એટેસ્ટેડ કોપી (તા.૦૫/૦૧/૨૦૦૫)

(૧૦) આંક–૪૯ પ્ર.પક્ષકારે બી.પ. મુકેશકુમાર ચૌધરીને પે–સ્કેલ પર મુકયા તે અંગે આપેલ નિમણૂકપત્રની સેલ્ફ એટેસ્ટેડ કોપી (તા.૦૮/૦૧/૨૦૦૮)

(૧૧) આંક–૫૦ પ્ર.પક્ષકારે બી.પ. પરવીનબાબુ જી. શેખને આપેલ નિમણૂકપત્રની સેલ્ફ એટેસ્ટેડ કોપી (તા.૦૫/૦૧/૨૦૦૫)

(૧૨) આંક–૫૧ પ્ર.પક્ષકારે બી.પ. પરવીનબાબુ જી. શેખને પે–સ્કેલ પર મુકયા તે અંગે આપેલ નિમણૂકપત્રની સેલ્ફ એટેસ્ટેડ કોપી (તા.૦૮/૦૧/૨૦૦૮)

(૧૩) આંક–૫૨ પ્ર.પક્ષકારે બી.પ. વિકાસચંદ ગર્ગને આપેલ નિમણૂકપત્રની સેલ્ફ એટેસ્ટેડ કોપી (તા.૨૬/૦૨/૨૦૦૪)

(૧૪) આંક–૫૩ પ્ર.પક્ષકારે બી.પ. વિકાસચંદ ગર્ગને પે–સ્કેલ પર મુકયા તે અંગે આપેલ નિમણૂકપત્રની સેલ્ફ એટેસ્ટેડ કોપી (તા.૨૯/૦૬/૨૦૦૬)

(૧૫) આંક–૫૪ પ્ર.પક્ષકારે કિશોરભાઇ હીરાભાઇ પાલવેને આપેલ નિમણૂકપત્રની ઝેરોક્ષ (તા.૨૫/૦૮/૨૦૦૫)

(૧૬) આંક–૫૫ પ્ર.પક્ષકારે કિશોરભાઇ હીરાભાઇ પાલવેને પે–સ્કેલ પર મુકયા તે અંગે આપેલ નિમણૂકપત્રની ઝેરોક્ષ (તા.૧૭/૦૧/૨૦૦૯)

(૧૭) આંક–૫૬ પ્ર.પ. સંસ્થાએ કરેલ ઠરાવ નં.૩૨૯/૨૦૦૩ ની ખરી નકલ (તા.૨૧/૦૨/૨૦૦૩)

(૧૮) નિ.૨૨/૧૮ બી.પક્ષકારે પ્ર.પ.ના ઇ.ચા. મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, સ્મીમેર હોસ્પિટલને લખેલ પત્રની ઓફીસ કોપી (તા.૨૮/૦૧/૨૦૧૩)

(૧૯) નિ.૨૨/૧૯ બી.પક્ષકારે પ્ર.પ.ના ઇ.ચા. મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, સ્મીમેર હોસ્પિટલને લખેલ પત્રની ઓફીસ કોપી (તા.૩૦/૧૦/૨૦૧૩)

(૨૦) આંક–૫૭ બી.પક્ષકારે પ્ર.પ.ના ઇ.ચા. મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, સ્મીમેર હોસ્પિટલને લખેલ પત્રની ઓફીસ કોપી (તા.૦૯/૦૬/૨૦૧૪)

(૨૧) આંક–૫૮ બી. પક્ષકારે તેમના એડવોકેટશ્રી મારફત પ્રથમ પક્ષકારને મોકલેલ નોટીસની ઓફીસ કોપી (તા.૩૧/૧૨/૨૦૧૬)

(૨૨) આંક–૫૯, આંક–૫૮ ની નોટીસ પ્ર.પ.ને રજી.એ.ડી.થી મોકલ્યા અંગેની પોસ્ટ ખાતાની સફેદ પાવતી નંગ–૩ અસલ

(૨૩) આંક–૬૦, આંક–૫૮ ની નોટીસ પ્ર.પ.ને રજી.એ.ડી.થી મોકલેલ જે પ્ર.પ.ને મળ્યા અંગેની એકનોલેજમેન્ટ નંગ–૩ અસલ

(૨૪) આંક–૫૮ ની નોટીસના અનુસંધાને પ્ર.પ. સંસ્થામાં થયેલ ઠરાવ નં.૮૯૧/૨૦૧૭ ની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ હેઠળ મેળવેલ પ્રમાણિત નકલ

(૨) આંક–૨૬ ના લીસ્ટથી કુલ–૩ દસ્તાવેજો રજુ કરેલ છે. જેમાં

(૧) નિ.૨૬/૧ પ્ર.પક્ષકારે બી.પ. નિરાલી પંકજકુમાર પટેલને આપેલ નિમણૂકપત્રની સેલ્ફ એટેસ્ટેડ કોપી (તા.૧૬/૦૪/૨૦૦૪)

(૨) નિ.૨૬/૨ પ્ર.પક્ષકારે બી.પ. નિરાલી પંકજકુમાર પટેલને પે–સ્કેલ પર મુકયા તે અંગે આપેલ નિમણૂકપત્રની સેલ્ફ એટેસ્ટેડ કોપી (તા.૨૯/૦૯/૨૦૦૬)

(૩) નિ.૨૬/૩ નિરાલી પંકજકુમાર પટેલના ડીગ્રી સર્ટીફીકેટની સેલ્ફ એટેસ્ટેડ કોપી

બીજા પક્ષકાર તરફે આંક–૬૩ ની પુરસીસથી વધુ સાક્ષી–પુરાવો તપાસવા માંગતા ન હોવાનું જાહેર કરેલ છે.

**(૫)** પ્રથમ પક્ષકાર તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

::– મૌખિક પુરાવો – ::

આંક–૬૮ થી પ્રથમ પક્ષકાર તરફે શ્રી મેહુલકુમાર શાંતિલાલ પટેલનું સરતપાસનું સોગંદનામું.

::– દસ્તાવેજી પુરાવા –::

(૧) આંક–૩૦ સામાન્ય સભાના ઠરાવ નં.૩૩૭/૨૦૦૦ ની નકલ (તા.૨૬/૦૬/૨૦૦૦)

(૨) આંક–૩૧ સામાન્ય સભાના ઠરાવ નં.૪૨૫/૨૦૦૫ ની નકલ (તા.૨૦/૦૬/૨૦૦૫)

(૩) આંક–૩૨ સામાન્ય સભાના ઠરાવ નં.૨૩૧/૨૦૦૩ ની નકલ (તા.૨૪/૦૩/૨૦૦૩)

(૪) નિ.૨૨/૪ નં.જીએડી/ઇએસટી/૧૨૦૧ થી બીજા પક્ષકારોની બે વર્ષની એડહોક ધોરણની કામગીરી બાદ રેગ્યુલર પગારધોરણમાં સ્મીમેર ખાતે નર્સ તરીકે નિમણૂક આપ્યા બાબતના ઓફીસ ઓર્ડરની નકલ (તા.૨૭/૦૬/૨૦૦૬)

(૫) નિ.૨૨/૫ નં.જીએડી/ઇએસટી/૨૭૩૮ થી બીજા પક્ષકારોની બે વર્ષની એડહોક ધોરણની કામગીરી બાદ રેગ્યુલર પગારધોરણમાં સ્મીમેર ખાતે નર્સ તરીકે નિમણૂક આપ્યા બાબતના ઓફીસ ઓર્ડરની નકલ (તા.૨૯/૦૬/૨૦૦૬)

(૬) નિ.૨૨/૬ નં.જીએડી/ઇએસટી/૩૯૯ થી બીજા પક્ષકારોની બે વર્ષની એડહોક ધોરણની કામગીરી બાદ રેગ્યુલર પગારધોરણમાં સ્મીમેર ખાતે નર્સ તરીકે નિમણૂક આપ્યા બાબતના ઓફીસ ઓર્ડરની નકલ (તા.૧૧/૦૫/૨૦૦૭)

(૭) નિ.૨૨/૭ નં.જીએડી/ઇએસટી/૩૭૨૩ થી બીજા પક્ષકારોની બે વર્ષની એડહોક ધોરણની કામગીરી બાદ રેગ્યુલર પગારધોરણમાં સ્મીમેર ખાતે નર્સ તરીકે નિમણૂક આપ્યા બાબતના ઓફીસ ઓર્ડરની નકલ (તા.૦૨/૦૧/૨૦૦૮)

(૮) નિ.૨૨/૮ નં.જીએડી/ઇએસટી/૩૮૦૬ થી બીજા પક્ષકારોની બે વર્ષની એડહોક ધોરણની કામગીરી બાદ રેગ્યુલર પગારધોરણમાં સ્મીમેર ખાતે નર્સ તરીકે નિમણૂક

આપ્યા બાબતના ઓફીસ ઓર્ડરની નકલ (તા.૦૮/૦૧/૨૦૦૮)

(૯) નિ.૨૨/૯ નં.જીએડી/ઇએસટી/૩૯૫૬ થી સામાન્ય સભાના ઠરાવ નં.૨૩૧/૨૦૦૩, તા.૨૪/૦૩/૨૦૦૩ ની શરતો અને બોલીઓને આધિન ૭ નર્સ (બી.પી.એન.એ.)ને રેગ્યુલર પગારધોરણમાં સ્મીમેર ખાતે નિમણૂક આપ્યા બાબતના ઓફીસ ઓર્ડરની નકલ (તા.૧૭/૦૧/૨૦૦૯)

પ્રથમ પક્ષકાર તરફે આંક–૬૯ ની પુરસીસથી વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું જાહેર કરેલ છે.

**(૬)** બીજા પક્ષકાર તરફે વિ.વ. શ્રી એચ.એમ. ગલીચાવાલાની દલીલોમાં માંગણા નિવેદનમાં જણાવ્યા મુજબની હકીકતો જણાવેલ છે. બીજા પક્ષકાર તરફે મુખ્યત્વે દલીલ એવી છે કે, બીજા પક્ષકાર કર્મચારીઓને જે તે તારીખે એડહોક ધોરણે નિમણૂક આપવામાં આવી ત્યારથી તેઓના સ્કેલ મુજબના ઈજાફા પાછલી અસરથી આપવા જોઇએ કે કેમ ? તેમજ ત્યારબાદના તમામ લાભો તાત્કાલિક આપવા જોઇએ કે કેમ ? તે અંગેનો ટર્મ્સ ઓફ રેફરન્સ છે. બીજા પક્ષકાર તરફે આંક–૧૩ થી માંગણા નિવેદન રજુ કરવામાં આવેલ છે. માંગણા નિવેદન સાથે રજુ કરેલ પરિશિષ્ટમાં જણાવેલ કુલ–૯૪ કામદારોને સુરત મહાનગરપાલિકાએ નિમણૂક આપેલ છે. સંબંધિત કામદારોને એડહોક તરીકે નિમણૂક આપવામાં આવેલ ત્યારબાદ કાયમી કરવામાં આવેલ છે. તાલીમાર્થી તરીકે નિમણૂક કરવામાં આવેલ નવ કામદારોને કાયમી કરવામાં આવ્યા ત્યારે પાછલી અસરથી ઈજાફા આપવામાં આવેલ છે. એડહોક તરીકે લેવામાં આવેલ કામદારો અને તાલીમાર્થી તરીકે લેવામાં આવેલ કામદારોની લાયકાત અને કામગીરી એકસરખી છે. પ્રથમ પક્ષકાર તરફે આંક–૬૮ થી

તપાસવામાં આવેલ સાહેદે તેઓની ઉલટતપાસમાં આ હકીકતનો સ્વીકાર કરેલ છે. સીનીયોરીટી લીસ્ટ રજુ કરવા ઉલટતપાસમાં જણાવેલ પરંતુ રજુ કરેલ નથી. બીજા પક્ષકાર કામદારો એડહોક ધોરણે નર્સ તરીકે જોડાયેલા અને તેઓને નર્સ તરીકે કાયમી કરવામાં આવેલ છે. જેથી તેઓનો હોદ્દો બદલાયેલ નથી કે તેઓએ કોઇ બીજા હોદ્દા ઉપર નિમણૂક મેળવેલ નથી. આ સંજોગોમાં પ્રથમ પક્ષકારના લેખિત જવાબમાં જણાવ્યા મુજબ બીજા કોઇપણ હોદ્દા માટે ઉમેદવારી નોંધાવી ફરી નિમણૂક મેળવે તો એડહોક ધોરણનો નોકરીનો સમયગાળો ગણતરીમાં ન લેવા અંગેનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. બીજા પક્ષકાર કામદારોની ૨૦૧૩ થી માંગણી ચાલુ છે અને તે માંગણીઓ અંગેના પત્રો કોર્પોરેશનને મળેલ છે, તેમ છતાં કોર્પોરેશન દ્વારા માંગણીઓ અંગે કોઇ દાદ આપેલ નથી. આ તમામ હકીકતો અને સંજોગો મુજબ બીજા પક્ષકાર કામદારો પાછલી અસરથી ઈજાફા મેળવવા હકકદાર છે અને બીજા પક્ષકારનો રેફરન્સ મંજુર થવા પાત્ર છે.

(૭) પ્રથમ પક્ષકાર તરફે વિ.વ.શ્રી એચ.એસ. પંડયાની લેખિત જવાબમાં જણાવેલ હકીકતો મુજબની દલીલ છે અને મુખ્યત્વે એવી દલીલ છે કે, એડહોક ધોરણે નિમણૂક પામેલ કામદારો અને તાલીમાર્થી તરીકે નિમણૂક પામેલ કામદારોની નિમણૂકની શરતો અને બોલીઓ તદ્દન જુદી છે. બીજા પક્ષકાર કામદારોએ નિમણૂકપત્રની શરતો સ્વીકારેલ છે તેથી તેઓને એસ્ટોપલનો બાધ નડે છે. બીજા પક્ષકાર કામદારોએ તેઓનો નિમણૂકપત્ર કે જે ઠરાવ આધારે નિમણૂક પામેલ છે તે ઠરાવ પડકારેલ નથી. જેથી પણ તેઓની માંગણી મંજુર થવા પાત્ર નથી. પાછલી અસરથી ઈજાફા આપવાની ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઇ નથી. બીજા પક્ષકાર દ્વારા હાલના વિવાદ મુજબની માંગણી અંગે ૨૦૧૩ માં પત્રો લખેલ છે. ત્યારબાદ લાંબા

સમય બાદ હાલનો વિવાદ ઉપસ્થિત કરેલ છે. જેથી પણ હાલનો રેફરન્સ મંજુર થવા પાત્ર નથી. એડહોક સમયગાળાના ઈજાફા અંગેની માંગણી વાજબી નથી. એડહોક સમય બાદ ઈજાફા આપવામાં આવેલ ન હોવાનો કેસ નથી. નિમણૂકની શરતો અંગે પણ બીજા પક્ષકારને કોઇ વિવાદ નથી. નિમણૂકની શરતોનું પાલન કરેલ ન હોય કે તેવી નિમણૂક આપવા અંગેના ઠરાવોથી વિરૂધ્ધનું વર્તન કરેલ હોય તેવો કેસ નથી. સંબંધિત ૯૪ કામદારો પૈકી ત્રણ કામદારોએ જુબાની આપેલ છે. પરંતુ તે તમામ વતી જુબાની આપવા તેઓને અધિકાર આપવામાં આવેલ હોવા અંગે કોઇ પુરાવો રજુ કરેલો નથી. હાલના વિવાદમાં સંબંધિત તમામ કામદારોએ જુબાની રજુ કરવી પડે. આ સંજોગોમાં પણ હાલનો રેફરન્સ મંજુર થવા પાત્ર નથી.

(૮) પક્ષકારો તરફેના પક્ષનિવેદન તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા પક્ષકારો તરફેની દલીલો ધ્યાને લેતાં હાલના રેફરન્સના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

::- મુદ્દા -::

મુદ્દા નં.(૧) શું પરિશિષ્ટમાં જણાવેલ ૯૪ (બીપીએનએ) કર્મચારીઓ તેઓની એડહોક ધોરણે નિમણૂક થઇ ત્યારથી તેમના સ્કેલ મુજબના ઈજાફા પાછલી અસરથી મેળવવા તથા ત્યારબાદના તમામ લાભો મેળવવા હકકદાર છે ?

મુદ્દા નં.(૨) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓના નિર્ણય નીચે મુજબ આપવામાં આવે છે.

મુદ્દા નં.(૧) નકારમાં

મુદ્દા નં.(૨) આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ આપવામાં આવે છે.

(૯) કારણો : મુદ્દા નં.(૧)

(૯.૧) બીજા પક્ષકાર તરફેનો હાલનો વિવાદ, પરિશિષ્ટમાં જણાવેલ ૯૪ કર્મચારીઓને એડહોક ધોરણે નિમણૂક આપવામાં આવી ત્યારથી પાછલી અસરથી તેઓના સ્કેલ મુજબના ઈજાફા મેળવવા અંગેનો છે. બીજા પક્ષકાર તરફે આંક–૧૩ થી રજુ થયેલ માંગણા નિવેદનમાં જણાવેલ છે કે, પરિશિષ્ટ મુજબના કુલ ૯૪ કર્મચારીઓ નર્સ તરીકે બે વર્ષ માટે એડહોક ધોરણ પર હતા અને પહેલા વર્ષે ફીકસ પગાર રૂા.૪,૫૦૦/– અને બીજા વર્ષે રૂા.૫,૦૦૦/– હતો. તેઓને કાયમી કર્યા ત્યારે રૂા.૫,૦૦૦–૧૫૦–૮૦૦૦ ના સ્કેલમાં કાયમી કરવામાં આવેલ. સને ૨૦૦૫ માં પ્રથમ પક્ષકાર સંસ્થાની સ્મીમેર હોસ્પિટલ ખાતે નવા ૯ (નવ) કર્મચારીઓ ૩ વર્ષ માટે તાલીમાર્થી તરીકે નર્સ તરીકે આવેલ. તેઓને પહેલા વર્ષે રૂા.૨,૭૦૦/–, બીજા વર્ષે રૂા.૩,૩૦૦/– અને ત્રીજા વર્ષે રૂા.૪,૧૦૦/– ફીકસ પગાર ચુકવવામાં આવતો હતો. ત્યારબાદ ઓગષ્ટ–૨૦૦૮ માં બીજા ૯(નવ) કર્મચારીઓની નર્સ તરીકે નિમણૂક કરવામાં આવેલ. તેઓની નિમણૂક થઈ ત્યારે પે સ્કેલ પર મુકવામાં આવેલ અને તેઓની તાલીમાર્થી તરીકેની નિમણૂક તારીખથી ૪ ઈજાફા આપી બેઝીક પગાર રૂા.૫,૬૦૦/– ઠરાવ નં.૩૨૯/૨૦૦૩ માં નકકી કરવામાં આવેલ. બીજા પક્ષકાર સને ૨૦૦૪ થી ૨૦૦૫ ના સમયગાળાથી કામ કરતા હોવા છતાં કાયમી કર્યા ત્યારે એડહોક ધોરણે થયેલ નિમણૂક તારીખને ધ્યાને લઈ પાછલી અસરના ઈજાફાઓ આપવામાં આવેલ નથી. જયારે તાલીમાર્થી ૯(નવ) કર્મચારીઓને પાછલી અસરના ઈજાફાઓ આપી બેઝીક પગાર નકકી કરવામાં આવેલ. જે મુજબનો લાભ મેળવવા બીજા પક્ષકાર કાયદેસર રીતે હકકદાર છે. બીજા પક્ષકાર તરફે આંક–૨૩ થી મનીષ

ગીરીશચંદ્ર જોષીની સરતપાસનું સોગંદનામું તથા આંક-૨૭ થી નિરાલી પંકજકુમાર પટેલની સરતપાસનું સોગંદનામું તથા આંક-૬૨ થી મુકેશકુમાર ગણેશભાઇ ચૌધરીની સરતપાસનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે. જેમાં માંગણા નિવેદનમાં જણાવ્યા મુજબની હકીકતો જણાવેલ છે. આંક-૨૩ હેઠળની પ્રથમ પક્ષકાર તરફેની ઉલટતપાસ વંચાણે લેતાં, ૯(નવ) કર્મચારીઓની નર્સ તરીકે કાયમી નિમણૂક હોવાનું તેમજ તેઓ શરૂઆતમાં તાલીમાર્થી તરીકે આવેલ હોવાનું અને તેઓ એડહોક ધોરણે આવેલા હોવાનું કબૂલ કરેલ છે તેમજ ૯(નવ) તાલીમાર્થી કર્મચારીઓને જે એક ઇજાફો આપેલો તે એક ઇજાફો તેઓને ઓછો આપ્યા અંગેની તકરાર હોવાનું કબૂલ કરેલ છે. આ ઉપરાંત સંસ્થાના ઠરાવ નં.૩૨૯/૨૦૦૩ માં નકકી થયા પ્રમાણેના લાભો અપાતા હોવાનું તેમજ ઠરાવ નં.૩૨૯/૨૦૦૩ માં કોઇ એડહોક કર્મચારીને લાભો આપવાની જોગવાઇ ન હોવાનું કબૂલ કરે છે. આ ઉપરાંત તેઓના નિમણૂકપત્રની કોઇ શરતોનો ભંગ થતો ન હોવાનું તેમજ તેઓને કાયમી કરવામાં આવ્યા ત્યારે જે તે શરતો સાથે કાયમી કરવામાં આવેલ હોવાનું તેમજ એડહોકની નિમણૂક અને તાલીમાર્થીઓની નિમણૂકની શરતો અલગ-અલગ હોવાનું તેમજ તેઓની નિમણૂકની શરતોમાં તાલીમાર્થીઓને મળવાપાત્ર ઇજાફાઓ કે લાભો મળશે તેવી કોઇ શરતો કે જોગવાઇ ન હોવાનું કબૂલ કરેલ છે. આ ઉપરાંત તેઓને પાછલી અસરથી ઇજાફાઓ આપવામાં આવશે એવી કોઇ શરત નોકરીમાં ન હોવાનું તેમજ તેઓએ જે નોકરીની શરતો સ્વીકારે તેમાં પાછલી અસરથી ઇજાફા આપવાની કોઇ શરત ન હોવાનું કબૂલ કરેલ છે. આંક-૨૭ હેઠળની પ્રથમ પક્ષકાર તરફેની ઉલટતપાસ વંચાણે લેતાં, નિમણૂકપત્ર સાથે આપેલ શરતો મંજુર હોય તો તેઓએ ફરજ પર જોડાવાનું હતું અને તે શરતો તેઓએ વાંચી, સહી

કરી સ્વીકારેલ હોવાનું કબૂલ કરેલ છે તેમજ તેઓએ જે શરતો સ્વીકારી નિમણૂક મેળવેલ તે શરતો પૈકી કોઇ શરતનો સંસ્થાએ ભંગ કરેલ ન હોવાનું તેમજ તેઓની નિમણૂકની શરતો મુજબના તમામ લાભો તેઓને આપવામાં આવતા હોવાનું કબૂલ કરેલ છે. આ ઉપરાંત નિ.૧૫/૧ માં તેઓને તાલીમાર્થી કર્મચારીઓના જેટલો પગાર કે લાભ આપવામાં આવશે તેવી કોઇ શરત ન હોવાનું તેમજ તેઓને જે શરતોએ નિમણૂક આપવામાં આવેલી તે શરતોમાં પાછલી અસરથી ઇજાફો આપવામાં આવશે તેવી કોઇ શરત ન હોવાનું કબૂલ કરેલ છે. આંક–૬૨ હેઠળની પ્રથમ પક્ષકાર તરફેની ઉલટતપાસ વંચાણે લેતાં, સંસ્થાની નિમણૂકની શરતો વાંચી, સ્વીકારીને તેઓએ નોકરી સ્વીકારેલ હોવાનું તેમજ નિમણૂકની શરતોનો કોઇ ભંગ થયેલ હોય તેવો કોઇ પુરાવો આ કામે રજુ કરેલ ન હોવાનું તેમજ નિમણૂકની શરતોનો કોઇ ભંગ થયેલ ન હોવાનુ કબૂલ કરેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં, બીજા પક્ષકાર કામદારોની નિમણૂકની શરતો અને તાલીમાર્થીઓની નિમણૂકની શરતો અલગ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર કામદારોની નિમણૂકની શરતોનો કોઇ ભંગ કરેલ નથી. બીજા પક્ષકાર કામદારોની નોકરીની શરતોમાં પાછલી અસરથી ઇજાફા આપવા અંગે કોઇ શરત નથી. હાલનો વિવાદ ધ્યાને લેતાં, બીજા પક્ષકાર કામદારોને આપવામાં આવેલ નિમણૂક અને નિમણૂકની શરતો કે તાલીમાર્થી કામદારોને આપવામાં આવેલ નિમણૂક અને નિમણૂકની શરતો પડકારવામાં આવેલ નથી. આ તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં, બીજા પક્ષકાર કામદારો પાછલી અસરથી ઇજાફો મેળવવા હકકદાર હોવાનું પુરવાર થતું નથી.

(૯.૨) પ્રથમ પક્ષકાર તરફે આંક–૩૦ થી સામાન્ય સભાનો ઠરાવ નં.૩૩૭/૨૦૦૦ રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લેતાં,

બી.પી.એન.એ.ની કુલ ૨૦૪ જગ્યાઓ પર ફીકસ મહેનતાણાથી બે વર્ષ માટે એડહોક ધોરણે નિમણૂક આપવા મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ વર્ષ માટે રૂા.૪,૫૦૦/– અને દ્વિતીય વર્ષ માટે રૂા.૫,૦૦૦/– ફીકસ પગાર આપવા તેમજ આ મુદતમાં કોઇ નાણાંકીય તેમજ બિનનાણાંકીય સવલતોનો વધારો કરવામાં આવશે નહી કે કોઇ સ્પેશિયલ એલાઉન્સ આપવાનું કે કર્મચારીઓએ માંગવાનું રહેશે નહી તેવી શરત મુકવામાં આવેલ છે. પ્રથમ પક્ષકાર તરફે આંક–૩૧ થી સામાન્ય સભાનો ઠરાવ નં.૪૨૫/૨૦૦૫ રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લેતાં, ઠરાવ નં.૩૩૭/૨૦૦૦ અન્વયે એડહોક ધોરણે ઉચ્ચક અવેજથી નિમણૂક પામી ફરજ બજાવતા કર્મચારીઓનો એડહોક સમય સંતોષકારક રીતે પૂર્ણ થયાની તારીખથી રૂા.૫,૦૦૦–૮,૦૦૦ ના પગારધોરણમાં નિમણૂક આપવા માટે મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવામાં આવેલ છે. બીજા પક્ષકાર તરફે રજુ થયેલ આંક–૪૦ થી આંક–૫૩ વાળા નિમણૂકપત્રો વંચાણે લેતાં, ઠરાવ નં.૩૩૭/૨૦૦૦ અન્વયે એડહોક ધોરણે નિમણૂક આપવામાં આવેલ છે. આંક–૪૦ સાથે નિમણૂકપત્રની શરતો અને બોલીઓ રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લેતાં, એડહોક ધોરણે પ્રથમ બે વર્ષ માટે નિમણૂક આપવાની શરત છે. આ શરતોમાં એડહોક સમયગાળાના ઈજાફા પાછલી અસરથી આપવા અંગેની કોઇ શરત નથી. પેરા–૯.૧ માં ચર્ચા કર્યા મુજબ એડહોક નિમણૂક મેળવનાર કર્મચારીઓએ તે સાથેની શરતોનો સ્વીકાર કરેલ છે. પ્રથમ પક્ષકાર તરફે આંક–૩૨ થી સામાન્ય સભાનો ઠરાવ નં.૨૩૧/૨૦૦૩ રજુ કરવામાં આવેલ છે અને તે બીજા પક્ષકાર તરફે રજુ થયેલ આંક–૫૬ વાળા ઠરાવ નં.૩૨૯/૨૦૦૩ થી કરવામાં આવેલ ભલામણ અન્વયે કરવામાં આવેલો છે. જે વંચાણે લેતાં, સદર ઠરાવના પરિશિષ્ટ–૩ માં જણાવેલ

જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂકો કરવામાં આવે તે તમામ જગ્યાઓની નિમણૂક સંબંધી જોગવાઇઓ માટે ત્રણ વર્ષ તાલીમાર્થી તરીકે ફીકસ અવેજથી અને ત્યારબાદ જે તે પગારધોરણની સામે દર્શાવવામાં આવેલ અને જણાવેલ પત્રક–૧ પૈકીની શરતો અને બોલીઓને આધિન તથા પરિશિષ્ટ–૪ માં દર્શાવવામાં આવેલ શરતો સહિત નિમણૂક આપવા સુધારો કરવાનું ઠરાવવામાં આવેલ છે. આ ઠરાવના પરિશિષ્ટ–૩ ના અનુક્રમ નં.૩ પર પગારધોરણ રૂા.૫,૦૦૦–૧૫૦–૮,૦૦૦ ઉપર નિમણૂક પામેલ કર્મચારીઓ અંગેની શરતો અને બોલીઓ પત્રક–૧ ના કોલમ–સી મુજબની હોવાનું દર્શાવેલ છે. પત્રક–૧ નું કોલમ–સી વંચાણે લેતાં, સદર પગારધોરણ પર નિમણૂક પામેલ કર્મચારીઓની તાલીમ સમય દરમિયાનની કામગીરી સંતોષકારક રીતે પુરી થયેથી પ્રોબેશન સમય પૂર્ણ થતા રૂા.૫,૬૦૦/– નો બેઝીક ફીકસ કરવા ઠરાવવામાં આવેલ છે પરંતુ તાલીમાર્થી તરીકેના ત્રણ વર્ષના ઈજાફાઓ અંગે કોઇ તફાવત મળવાપાત્ર ન રહેવાનું ઠરાવેલ છે અને પ્રોબેશનમાં એક વર્ષના સમયગાળા માટે એક ઈજાફાનો તફાવત ચુકવવા ઠરાવેલ છે. બીજા પક્ષકાર તરફે રજુ થયેલ આંક–૫૪ અને આંક–૫૫ વાળા નિમણૂકપત્રો વંચાણે લેતાં, ઠરાવ નં.૨૩૧/૨૦૦૩ અન્વયે નિમણૂક આપવામાં આવેલ છે. આંક–૫૪ સાથે રજુ થયેલ શરતો અને બોલીઓ વંચાણે લેતાં, આંક–૩૨ વાળા ઠરાવ નં.૨૩૧/૨૦૦૩ ના પત્રક–૧ ના કોલમ–સી મુજબની શરત મુકવામાં આવેલ છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ એડહોક ધોરણે આપવામાં આવેલ નિમણૂકો અને તાલીમાર્થી તરીકે આપવામાં આવેલ નિમણૂકો અંગેની શરતો અને બોલીઓ અલગ અલગ છે. પ્રથમ પક્ષકાર તરફે આંક–૬૮ થી રજુ થયેલ શ્રી મેહુલકુમાર શાંતિલાલ પટેલની સરતપાસનું સોગંદનામું વંચાણે લેતાં, તેઓના લેખિત જવાબમાં

જણાવ્યા મુજબની હકીકતો જણાવેલ છે. આંક–૬૮ હેઠળ બીજા પક્ષકાર તરફે કરવામાં આવેલ ઉલટતપાસ વંચાણે લેતાં, બીજા પક્ષકાર કર્મચારીઓ અને પ્રથમ પક્ષકારે લીધેલ અન્ય ૯(નવ) કર્મચારીઓની શૈક્ષણિક લાયકાત તથા કામગીરી સરખી હોવાનું કબૂલ કરેલ છે. પરંતુ બીજા પક્ષકાર કર્મચારીઓને ઠરાવ નં.૩૩૭/૨૦૦૦ અન્વયે એડહોક ધોરણે નિમણૂક આપવામાં આવેલ છે. જે નિમણૂક અંગેની શરતો અને બોલીઓમાં પાછલી અસરથી એડહોક સમયગાળાનો ઈજાફો આપવા અંગેની કોઈ શરત કે બોલી નથી. ઉલ્ટાનું ઠરાવ નં.૩૩૭/૨૦૦૦ અન્વયે એડહોક ધોરણે નિમણૂક પામેલ કર્મચારીઓને એડહોક સમયગાળામાં કોઈ નાણાંકીય તેમજ બિનનાણાંકીય સવલતોનો વધારો કરવામાં આવશે નહી કે કોઈ સ્પેશિયલ એલાઉન્સ આપવાનું કે કર્મચારીઓએ માંગવાનું રહેશે નહી તેવી શરત મુકવામાં આવેલ છે. બીજા પક્ષકાર કર્મચારીઓએ તેવી શરતોએ નિમણૂક સ્વીકારેલ છે તેમજ એડહોક નિમણૂક અંગેનો ઠરાવ કે તેઓની નિમણૂકની શરતો પડકારેલ નથી. આ તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં, એડહોક સમયગાળાના પાછલી અસરથી ઈજાફા મેળવવા હકકદાર બનતા નથી.

(૯.૩) આ કામે બીજા પક્ષકાર તરફે નીચે મુજબના ચુકાદા રજુ કરવામાં આવેલ છે.

(1) 1962 (0) GLHEL-SC 29254 State of Punjab V/s Joginder Singh
(2) 2016 (0) AIJEL-SC 59332 State of Punjab V/s Jagjit Singh
(3) 1982 (0) GLHEL-SC 23815 Randhir Singh V/s Union of India
(4) 2024 (0) AIJEL-SC 739464 Ushaben Joshi V/s Union of India

બીજા પક્ષકાર તરફે રજુ થયેલ ઉપરોકત ચુકાદાઓ સમાન હોદ્દા અને સમાન કામગીરી અંગે સમાન પે સ્કેલ હોવા અંગેના છે. આ કામનો ટર્મ્સ ઓફ રેફરન્સ પરિશિષ્ટમાં જણાવેલ ૯૪ કર્મચારીઓને એડહોક ધોરણે નિમણૂક આપવામાં આવી ત્યારથી પાછલી અસરથી તેઓના સ્કેલ મુજબના ઈજાફા મેળવવા અંગેનો છે. આ કામે પે સ્કેલમાં તફાવત હોવાની તકરાર અંગેનો ટર્મ્સ ઓફ રેફરન્સ નથી. જેથી આ ચુકાદાઓ બીજા પક્ષકારને મદદરૂપ બનતા નથી.

(૯.૪) બીજા પક્ષકાર તરફે આંક-૧૩ થી રજુ થયેલ માંગણા નિવેદનમાં જણાવેલ છે કે, બીજા પક્ષકારોએ સ્મીમેર હોસ્પિટલના વિભાગીય વડાને વારંવાર મૌખિક તથા લેખિત રજુઆત તા.૨૮/૦૧/૨૦૧૩, તા.૧૦/૧૦/૨૦૧૩ તથા તા.૦૯/૦૬/૨૦૧૪ ના રોજ કરેલ પરંતુ તે અંગે કોઇ નિરાકરણ થયેલ નહી. જેથી બીજા પક્ષકારે તા.૩૧/૧૨/૨૦૧૬ ના રોજની નોટીસ પ્રથમ પક્ષકાર સંસ્થાને તથા તેની એક નકલ આસી. લેબર કમિશ્નરશ્રી, સુરતને મોકલેલ. સદર નોટીસ પ્રથમ પક્ષકાર સંસ્થાને મળી ગયેલ હોવા છતાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેનો કોઇ અમલ કરેલ નહી કે તેનો કોઇ જવાબ આપેલ નહી. ત્યારબાદ બીજા પક્ષકારે આપેલ તા.૩૧/૧૨/૨૦૧૬ ના રોજની નોટીસના અનુસંધાને મદદનીશ શ્રમ આયુકતશ્રીએ ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરી પ્રથમ પક્ષકારને નોટીસ ઇસ્યુ કરેલ. પ્રથમ પક્ષકાર તરફે એવી દલીલ કરવામાં આવેલ છે કે, માંગણા નિવેદનના પેરા-૪ ની હકીકત મુજબ વિવાદનું કારણ તા.૨૮/૦૧/૨૦૧૩ થી ઉપસ્થિત થયેલ છે અને ત્યારબાદ હાલનો વિવાદ વિલંબથી ઉપસ્થિત કરેલ છે. જેથી હાલનો રેફરન્સ ચાલવાપાત્ર નથી. બીજા પક્ષકાર તરફે નિ.૨૨/૧૮ થી રજુ થયેલ તા.૨૮/૦૧/૨૦૧૩ ના રોજનો પત્ર વંચાણે

લેતાં, સ્મીમેર હોસ્પિટલ, સુરતના મેડીકલ સુપ્રિટેન્ડન્ટને લખવામાં આવેલ છે. જેમાં હાલના વિવાદ મુજબની હકીકતે પગાર વિસંગતતા દુર કરવા માંગણી કરવામાં આવેલ છે. બીજા પક્ષકાર તરફે નિ.૨૨/૧૯ થી રજુ થયેલ તા.૩૦/૧૦/૨૦૧૩ ના રોજનો પત્ર તથા આંક-૫૭ થી રજુ થયેલ તા.૦૯/૦૬/૨૦૧૪ ના રોજનો પત્ર વંચાણે લેતાં, સ્મીમેર હોસ્પિટલ, સુરતના મેડીકલ સુપ્રિટેન્ડન્ટને લખવામાં આવેલ છે. જેમાં નિ.૨૨/૧૮ વાળા પત્ર મુજબની માંગણી કરવામાં આવેલ છે. આમ, હાલના વિવાદનું કારણ તા.૨૮/૦૧/૨૦૧૩ ના રોજથી ઉપસ્થિત થયેલ છે. બીજા પક્ષકાર તરફે આંક-૫૮ થી રજુ થયેલ તા.૩૧/૧૨/૨૦૧૬ ના રોજની નોટીસ વંચાણે લેતાં, હાલના વિવાદની હકીકતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને આપવામાં આવેલ છે. જેની એક નકલ નાયબ શ્રમ આયુકતની કચેરી, સુરતને પણ આપવામાં આવેલ હોવાનું તે ઉપરથી જણાય છે. હાલના રેફરન્સ હુકમ સાથે રજુ થયેલ કન્સીલીએશન પેપર્સ વંચાણે લેતાં, સમાધાન અધિકારી અને મદદનીશ શ્રમ આયુકત, સુરત દ્વારા મ્યુ. કમિશ્રનરશ્રી, સુરત મહાનગરપાલિકાને કર્મચારીઓની ચાર્ટર્ડ ઓફ ડિમાન્ડની નોટીસ તા.૨૭/૦૨/૨૦૧૭ ના રોજ આપવામાં આવેલ છે. જેમાં બીજા પક્ષકાર તરફેના તા.૨૩/૦૨/૨૦૧૭ ના પત્રથી ચાર્ટર્ડ ઓફ ડિમાન્ડ સંદર્ભે મળેલ રજુઆત અન્વયે તા.૧૩/૦૪/૨૦૧૭ ના રોજ હાથ ધરવામાં આવનાર પ્રાથમિક ચર્ચામાં હાજર રહેવા મ્યુની. કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને અધિકૃત જવાબદાર પ્રતિનિધિ મારફતે હાજર રહેવા જણાવવામાં આવેલ છે. આમ, બીજા પક્ષકાર તરફેની તા.૨૩/૦૨/૨૦૧૭ ના રોજની ચાર્ટર્ડ ઓફ ડિમાન્ડ અન્વયે મદદનીશ શ્રમ આયુકત, સુરત દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હોવાનું અને ત્યારબાદ હાલનો રેફરન્સ અત્રેના ન્યાયપંચને

સુપ્રત કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટ થાય છે. ઉપરોકત હકીકતો ઉપરથી વિવાદનું કારણ તા.૨૮/૦૧/૨૦૧૩ ના રોજ ઉપસ્થિત થયેલ હોવાનું અને હાલનો વિવાદ તા.૨૩/૦૨/૨૦૧૭ ના રોજ ઉપસ્થિત કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટ થાય છે. આમ, વિવાદનું કારણ ઉપસ્થિત થયા બાદ હાલનો વિવાદ ૪ વર્ષ ૨૫ દિવસ બાદ ઉપસ્થિત કરેલ છે. વિવાદનું કારણ ઉપસ્થિત થયા બાદ વિવાદ ઉપસ્થિત કરવામાં ૪ વર્ષ ૨૫ દિવસ પસાર થવા અંગે કોઇ ખુલાસો નથી કે વિવાદ ઉપસ્થિત કરવા માટે વાજબી સમયગાળો નથી. વાજબી સમયગાળામાં વિવાદ ઉપસ્થિત કરવામાં આવેલ ન હોવા અંગે નીચે મુજબના ચુકાદા ધ્યાને લેવા જરૂરી છે.

(૧) સ્પે.સી.એ.નં.૯૩૫૮/૨૦૨૪ (ગુજ.) લક્ષ્મણભાઇ હરીભાઇ પંચાલ વિ. ડીવીઝનલ કન્ટ્રોલર, એસ.ટી. કોર્પોરેશન, પાલનપુરના કેસનો ચુકાદો વંચાણે લેતાં, ૧૧ વર્ષ બાદ ઉપસ્થિત કરવામાં આવેલ વિવાદ વિલંબના કારણે નામંજુર કરતો ટ્રીબ્યુનલનો હુકમ બહાલ કરવામાં આવેલ છે.

(૨) ૨૦૨૪ લો સ્યુટ (ગુજ.) ૨૩૩૨ ડીવીઝનલ કન્ટ્રોલર વિ. ભીખાભાઇ રામાભાઇ વસાવાના કેસનો ચુકાદો વંચાણે લેતાં, ૦૯ વર્ષ બાદ ઉપસ્થિત કરવામાં આવેલ વિવાદ અંગે લેબર કોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલ એવોર્ડ રદ કરવામાં આવેલ છે.

ઉપરોકત ચુકાદાઓ મુજબ વાજબી સમયગાળામાં વિવાદ ઉપસ્થિત કરવામાં આવેલ ન હોય તો રદ થવા પાત્ર બને છે. આ કામે આગળ ચર્ચા કર્યા મુજબ વિવાદનું કારણ ઉપસ્થિત થયા બાદ ૪ વર્ષ ૨૫ દિવસનો સમય વિવાદ ઉપસ્થિત કરવામાં પસાર થયેલ છે અને તે માટે કોઇ ખુલાસો નથી.

વિવાદનું કારણ ઉપસ્થિત થયા બાદ વાજબી સમયગાળામાં વિવાદ ઉપસ્થિત કરવામાં આવેલ ન હોવાથી ઉપરોકત ચુકાદાઓ મુજબ હાલનો રેફરન્સ રદ થવા પાત્ર છે. જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૨ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

::- હુ ક મ -::

(૧) આથી રેફરન્સ (આઇ.ટી.) નં.૦૩/૨૦૧૮ નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

આજ તા.૦૮મી ઓગષ્ટ-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યો.

Digitally signed by
JAYESHKUMAR SHAMALDAS PATEL
on 08/08/2026 13:17:44 IST.

(જયેશકુમાર શામળદાસ પટેલ)
પ્રમુખ અધિકારીશ્રી,
ઔદ્યોગિક ન્યાયપંચ નં.૧, સુરત.
જજ કોડ : જીજે ૦૦૫૬૧

(સ્ટેનો-એસ.જી. ચૌધરી)